# निवेदन

## નિવેદન Introduction

: ૧ : હાઇસ્કૂલનાં નીચલાં ધોરણોમાં ભણતો હતો તે દરમ્યાન એક શાળોપયોગી પુસ્તકમાં "પેરિસના ત્રણ છોકરા" અને એક પાઠ્યપુસ્તકમાં "ખેતી"નો એક ખંડ હું વાંચવા પામ્યો હતો ; એટલે મને ત્યારે ઠાકોરનો પરિચય. ગુજરાતના અલ્પસંખ્ય અગ્રગણ્ય સાહિત્યકારોમાંના એક તરીકેની ઠાકોરની પ્રસિદ્ધિનો, જોકે, તે વખતે મને થોડો ખ્યાલ ખરો. એ પછી થોડાંક જ વર્ષ બાદ કોઇને પી. એચ. ડી. ની ઉપાધિ પ્રાપ્ત થયાનું જાણીને મને પણ મોટપણે પીએચ. ડી. કરવાનો વિચાર ત્યારે આવેલો અને એ કાર્યને ખરના વિષય તરીકે ઠાકોરનું નામ મેં ત્યારે એક સમવયસ્ક મિત્ર સાથેની વાતચીતમાં દીધેલું. પછી બી. એ. માં ઠાકોરનાં બે પુસ્તકો – "અંબાલાલભાઇ" અને "ઇતિહાસ-દિગ્દર્શન" પાઠ્યપુસ્તકો લેખે ભણવાનાં આવ્યાં ; એમ. એ. માં છઠ્ઠા પેપરમાં ઠાકોરનો એક ગ્રંથકાર તરીકેનો અભ્યાસ કરવાનું આવ્યું અને પેલો તુક્કો ફરી તાજો થયો. બી. એ. માં ઉત્તીર્ણ થયા બાદ એક વર્ષે હું મ. સ. વિશ્વ-વિદ્યાલયે પ્રો. ઠાકોરના સાહિત્યના સંશોધનપ્રકાશનની હાથ ધરેલી યોજનાને અન્વયે ગુજરાતી વિભાગમાં સંશોધન મદદનીશ તરીકે નિયુક્ત થયો. ત્યાર બાદ બે વર્ષે – અને, એમ. એ. થયા બાદ એક વર્ષે – મેં ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. સાંડેસરાની સલાહથી ઠાકોરના જીવન અને સાહિત્યનો વિષય પસંદ કરીને તેમના માર્ગ-દર્શન હેઠળ પીએચ. ડી. ના વિદ્યાર્થી તરીકે મારું નામ નોંધાવ્યું. હું શરૂઆતમાં ગુજરાતી વિભાગમાં જ ઠાકોરના સાહિત્યના સંશોધન-સંપાદન કાર્યમાં સંશોધન મદદનીશ તરીકે અને પછીથી એ જ વિભાગમાં અધ્યાપક તરીકે કામ કરતો હોવાથી મને મારા વિષયના અભ્યાસને માટે વિશેષ પ્રકારની સુવિધાઓ મળી શકી ; ઠાકોરનાં પત્રો, ડાયરીઓ, હસ્તલેખો, ટાંચણો, અપ્રસિદ્ધ નાનીમોટી કૃતિઓ

તેમ જ ઇતર પ્રસિદ્ધ સાહિત્ય મને ઘણી સરળતાએ લભ્ય થઇ શક્યું અને તેથી મારા સંશોધનઅધ્યયનમાં મને ઘણું સૌકર્ય પ્રાપ્ત થયું.

: ૨ : છ પ્રકરણોમાં (અને છેવટના ઉપસંહારાત્મક લખાણમાં) આયોજાયેલા આ મહાનિબંધના પહેલા પ્રકરણમાં મેં સામાન્ય પ્રથા અનુસાર ઠાકોરનો વ્યક્તિપરિચય આટોપીને બાકીનાં પ્રકરણોમાં તેમની સાહિત્યસેવાનો પરિચય કરાવવાનો ઉપક્રમ રાખ્યો છે. ઠાકોર મુખ્યત્વે કવિ તેમ જ વિવેચક તરીકે પ્રતિષ્ઠા પામ્યા હોઇને, એમની કાવ્યકૃતિઓમાં એમના કવિતાવિષયક સિદ્ધાંતો શી રીતે વ્યાપૃત થયા છે તેનો ખ્યાલ આવી શકે તે માટે બીજા પ્રકરણમાં તેમનાં કવિતાવિષયક તેમ જ અન્ય સાહિત્યિક વિચાર-વલણોની આલોચના કરીને મેં ત્રીજા પ્રકરણમાં તેમની કાવ્યકૃતિઓની ચર્ચા કરી છે અને ચોથા પ્રકરણમાં તેમનાં નાટકો, નવલિકાઓની અને તેમણે લખેલા એક જીવનચરિત્રની ચર્ચા કરી છે. આ પ્રકરણમાં મેં પ્રસંગોપાત્ત તેમના નાટ્યકલાવિષયક વિચારોને પણ ચર્ચ્યા છે. પાંચમા પ્રકરણમાં મેં ઠાકોરની સંપાદનપ્રવૃત્તિની અને સંપાદનવિષયક તેમનાં ધોરણોની ચર્ચા કરી છે. અને છેલ્લા – છઠ્ઠા – પ્રકરણમાં અનુવાદકલા અને અનુકૃતિરચના વિષેના તેમના વિચારોને ચર્ચીને તેમની અનુવાદકૃતિઓ અને અનુકૃતિઓની ચર્ચા કરી છે. ઠાકોરની મૌલિક કૃતિઓની ચર્ચાને ઉચિત રીતે જ પહેલાં આટોપી લઇને પછી, તેમને હાથે સંપાદિત, અનુકૃત અને અનૂદિત થયેલી કૃતિઓની ચર્ચા મહાનિબંધનાં છેવટનાં બે પ્રકરણોમાં કરવાનો ક્રમ મેં આયોજ્યો છે. ઉપસંહારમાં મેં ઠાકોરની અન્ય કેટલીક અધૂરી અને કેટલીક સામાન્ય પ્રકીર્ણ કૃતિઓનો ખ્યાલ આપ્યો છે; તથા તેમના પત્રો અને ડાયરીઓનું સાહિત્યિક તેમ જ ઇતર પ્રકારનું મહત્ત્વ સમજાવ્યું છે. મહાનિબંધની ઉપસંહારાત્મક વીગતોનો સમાહાર મારા આવેદનમાં

થઇ જતો હોવાથી મેં ઉપસંહારમાં એ વીગતોની પુનરુક્તિ કરવાનું ટાળીને ત્યાં એ વીગતો વિષે માત્ર ઇષત્ નિર્દેશ જ કરી લીધો છે. એક સગવડને ખાતર મેં જે તે પ્રકરણોની પાદટીપો જે તે પ્રકરણોને અંતે મૂકી છે.

: ૩ : ચર્ચાની સુવિધાને માટે મેં કવિતાના પ્રકરણમાં ઠાકોરનાં કાવ્યોના જે વિભાગો યોજ્યા છે તે વિભાગયોજના મેં, ઠાકોરે જ તેમનાં કાવ્યોના કરેલા વર્ગીકરણને અનુલક્ષીને મુખ્યત્વે કરી છે; તેમ છતાં, ઠાકોરના વર્ગીકરણમાં મને જે કંઇ ફેરફાર દર્શાવવો ઉચિત લાગ્યો છે તે મેં મારા મહાનિબંધમાં આવશ્યક સ્થળોએ દર્શાવ્યો છે. વળી, મેં એક વિભાગમાં ચર્ચ્યાં હોય તેવાં કોઇ કાવ્યોની ચર્ચા કોઇ અન્ય વિભાગમાં પણ થઇ હોત તો પ્રસ્તુત લેખાત એમ કોઇને લાગે. દાખલા તરીકે, "ભમતારામ" કાવ્યની ચર્ચા મેં કથાકાવ્યોના વિભાગમાં કરી છે, એ કાવ્યને બાળકાવ્યોના વિભાગમાં પણ લઇ શકાય. એમ જ, બાળકાવ્યોના વિભાગમાં ઘટનાત્મક વસ્તુવાળાં કાવ્ય પણ આવે છે. વ્યક્તિવિષયક કાવ્યોના વિભાગમાં મુકાયેલાં કેટલાંક કાવ્યોને વિરહનાં કે નિધનજન્ય શોકોર્મિનાં કે વિલાપિકાના પ્રકારનાં કાવ્યોના એક જુદા ગુચ્છ રૂપે ચર્ચવાનું યે સૂચન થઇ શકે. કેટલાંક ટૂંકાં અનૂદિત કાવ્યોને મેં અનુવાદના પ્રકરણમાં નહીં ચર્ચતાં કવિતાના પ્રકરણમાં જ ચર્ચ્યાં છે કેમકે ઠાકોરે એમના કાવ્યપુસ્તકોમાં એવાં કાવ્યોને પોતાનાં મૌલિક કાવ્યોની સાથે જ છાપ્યાં છે. દાખલા તરીકે, "વરવહુ અમે" એક અનૂદિત કાવ્ય છે પણ ઠાકોરે એને "પ્રેમનો દિવસ"ના એક અંકોડારૂપે યોજ્યું હોવાથી એને એ વિભાગનાં કાવ્યોથી છૂટું પાડીને ચર્ચવું યોગ્ય ન લાગે. આવા દાખલાઓમાં મને જે કાવ્યની ચર્ચા જે વિભાગમાં ઉચિતતર લાગી છે તે કાવ્યની ચર્ચા મેં તે

વિભાગમાં કરી છે. આખરે, વિભાગીકરણ કેટલેક અંશે એક સુવિધાની પણ વાત છે અને એક પ્રકારનું વિભાગીકરણ એકવાર આયોજ્યા પછી તેમાંથી ઊભી થતી કેટલીક મર્યાદાઓને નિભાવી પણ લેવી પડે ; તેમ છતાં, મારા વિવેક અનુસાર કોઇક કાવ્યને મેં ગમે તે યોગ્યતર લાગતા વિભાગમાં મૂક્યું હોય ; પરંતુ, તેની કવિતા તરીકેની ચર્ચામાં મેં તેનાં શક્ય તે બધાં મુખ્ય સમીક્ષણીય પાસાંની સમીક્ષા કરવાનો પ્રયત્ન કર્યો જ છે. આવો જ ખુલાસો મેં ચોથા પ્રકરણમાં ચર્ચાયેલ કેટલીક નવલિકાઓ અને "લગ્નમાં બ્રહ્મચર્ય" નાટકને અંગે મેં એ પ્રકરણમાં કર્યો છે. એક બીજી સ્પષ્ટતા પણ અહીં જરૂરી છે. હું સાહિત્યનો અભ્યાસક છું અને ઇતિહાસાદિ ઇતર વિષયોનો નિપુણ અભ્યાસક નથી ; તેથી એવા અન્ય વિષયની કૃતિઓની સમાલોચના એ વિષયોનાં તથ્યાતથ્ય, ધારાધોરણ, દૃષ્ટિબિંદુઓના અનુલક્ષમાં કરવાનું મારું ગજું નહીં ; એટલે એવી સમાલોચના મારે માટે અનધિકારચેષ્ટા ગણાઇ જાય : આવી સમજથી મેં જેમ ઠાકોરની સાહિત્યવિષયક કૃતિઓની અલગઅલગ ચર્ચા સાહિત્યિક ધારાધોરણોએ કરી છે તેમ તેમની "ઇતિહાસદિગ્દર્શન", "યુનાઇટેડ સ્ટેટ્સ" જેવી ઇતિહાસવિષયક કૃતિઓને ઇતિહાસદૃષ્ટિએ સમીક્ષવાનું મારે માટે શક્ય બન્યું નથી. તેમ છતાં, મેં પહેલા પ્રકરણમાં ઠાકોરનાં તે વિષયો પરનાં વિચારવલણોની રજૂઆત કરવામાં એ કૃતિઓનો ઘટતો ઉપયોગ તો કર્યો જ છે. ત્રીજા પ્રકરણની અનુપૂર્તિમાં મેં ઠાકોરની પાઠસુધારણાપ્રવૃત્તિની આલોચનાનો ઉપક્રમ ઠાકોરનાં કેવળ "પ્રેમનો દિવસ"નાં પહેલાં અગિયાર સોનેટો જ નમૂનાદાખલ લઇને કર્યો છે. આવી આલોચનાને ઠાકોરનાં બીજાં કાવ્યો સુધી વિસ્તારી શકાય ખરી પરંતુ પ્રસ્તુત વિષય પરત્વે લેખક જે માનસવ્યાપારમાંથી પસાર થયા હોય તેના સ્વરૂપનો ખ્યાલ આપી શકે તેટલાં અલ્પતમ કાવ્યો

કરતાં વધારે કાવ્યોને પસંદ નહીં કરવાનું ધોરણ મારે બિનજરૂરી વિસ્તાર ટાળવા માટે ઇષ્ટ લેખવું પડ્યું છે.

: ૪ : વિષયની પસંદગીથી માંડીને તે મહાનિબંધ તૈયાર થઇ રહ્યો ત્યાં સુધીમાં મારા માર્ગદર્શક અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. સાંડેસરાએ મને મારા દીર્ઘ અભ્યાસકાળ દરમિયાન વખતો-વખત જે પ્રોત્સાહન, માર્ગદર્શન, અન્ય પ્રકારની સહાયતાઓ લાગણી-પૂર્વક કાળજી લઇને આપ્યાં છે તે બદલ હું એમનો અહીં હાર્દિક આભાર માનું છું. ડૉ. અનામી અને ડૉ. સુરેશ જોષીએ મને કેટલાંક જરૂરી પુસ્તકો મેળવી આપવામાં કરેલી મદદ બદલ તેમનો પણ આભાર માનું છું. ડૉ. યોગીન્દ્ર ત્રિપાઠી, ડૉ. સોમાભાઇ પારેખ, શ્રી. ભૃગુરાય અંજારિયા, શ્રી. રમણિકરાય દેસાઇ, શ્રી. નિરંજન પંડ્યા, શ્રી. જયંત પારેખ, શ્રી. જનાર્દન ભટ્ટે પણ મને કેટલોક સહકાર આપ્યો છે તે બદલ તેમનો પણ હું ઋણી છું. યુનિવર્સિટી લાયબ્રેરિયન ડૉ. ચંપકલાલ શુક્લ અને તેમના કર્મચારીગણે મને યુનિવર્સિટી લાયબ્રેરીમાંના પ્રો. બી. કે. ઠાકોર સેક્શનનો ઉપયોગ કરવામાં વખતોવખત આપેલી સગવડો બદલ તેમનો પણ હું ઋણી છું. મારા મહાનિબંધની સાફ હસ્તલિખિત નકલ તૈયાર કરવામાં અને ટાઇપ થયેલી નકલો સુધાર-વામાં મારા વિદ્યાર્થીમિત્રો શ્રી. ચંદ્રકાંત ચોક્સી અને શ્રી. બિમલ સ્વામીએ પુષ્કળ અગવડો વેઠીને લાગણીપૂર્વક મદદ કરી છે તે બદલ તેમનો હૃદયથી આભાર માનું છું. એ ઉપરાંત, ટાઇપ થયેલી નકલો સુધારવામાં શ્રી. પ્રતાપ પંડિત, કુ. શકુંતલા ટોલિયા, શ્રી. બી. જી. મુન્શી, શ્રી. રાજ દવે, શ્રી. ચંદ્રવદન ત્રિવેદી, શ્રી. કૌશિક ત્રિવેદી, શ્રી. વિરંચિ ત્રિવેદી, શ્રી. રાવજીભાઇ પટેલે પણ મને મદદ કરી છે; તથા, હસ્તલિખિત નકલ તૈયાર કરવામાં કુ. સુધા તેવાર, શ્રી. મણિભાઇ પટેલ, શ્રી. શિરીષ પંચાલ, કુ. નિરંજના શાહ, શ્રી. સતીશ

ઠણાક, શ્રી. લલિતચંદ્ર રાણા વગેરેએ પણ મદદ કરી છે તેની અહીં નોંધ લેતાં મને આનંદ થાય છે. છેલ્લે, જેમની અપાર મમતા અને અનુકૂળતા વગર મારું આ કાર્ય કદી સિધ્ધ ન થઇ શક્યું હોત તે મારાં વડીલોનો અને કુટુંબની અન્ય સર્વ વ્યક્તિઓનો અહીં અંત:-કરણપૂર્વક આદર કરું છું.

: ૫ : ટાઇપ મશીનની મર્યાદાઓને કારણે તેમ જ કામની ઉતાવળ જેવાં અન્ય કારણોએ મહાનિબંધની ટાઇપ થયેલી નકલોમાં આવી ગયેલી ભૂલોને સુધારી લેવા માટે અમે બનતી ચીવટ રાખવા કોશીશ કરી છે તેમ છતાં ક્યાંકક્યાંક ક્ષતિઓ રહી જવા પામી હોય તો તે બદલ હું અહીં ક્ષમા યાચી લઉં છું.

---ooo---